


A FORTNIGHTLY NEWSLETTER FROM NRGS' FOUNDATION


# NRG TIMES

CONNECTING GUJARATIS' DIASPORA GLOBALLY

પ્રકાશક : એનઆરજી ફાઉન્ડેશન, ગાંધીનગર

તા. નવેમ્બર ૧૫, ૨૦૨૧ • કારતક સુદ ૧૧, સંવત ૨૦૭૮


Gujarat State Non-Resident Gujaratis' Foundation (A Government of Gujarat Organization)



**Shri Bhupendra Patel**
Hon'ble Chief Minister
Gujarat State



**Shri Harsh Sanghvi**
Hon'ble Minister of State
for NRGs (Independent Charge),
Govt. of Gujarat



**Shri Dhananjay Dwivedi(I/C), IAS**
Hon'ble Chairman, GSNRGF
Secretary (NRI),
Govt. of Gujarat



**Shri Vikramsinh Jadav**
Director
GSNRGF

## લોજિસ્ટિક પર્ફોર્મન્સ ઇન્ડેક્સમાં ગુજરાત સતત ત્રીજા વર્ષે ટોચ પર રહ્યું

દેશમાં વિકાસના રોલ મોડેલ રહેલા ગુજરાતની ગૌરવગાથામાં વિક્રમ સંવત ૨૦૭૮ના પ્રારંભે વધુ એક સિદ્ધિનું સિમાચિન્હ ઉમેરાયું છે. ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે પ્રસિદ્ધ કરેલા લોજિસ્ટીકસ ઇઝ અક્રોસ ડિફરન્ટ સ્ટેટસ ઇન્ડેક્સ – LEADS - ૨૦૨૧માં ગુજરાતે માલ-સામાનની સરળતાથી હેરફેરની કાર્યદક્ષતામાં દેશભરમાં સતત ત્રીજીવાર પ્રથમ સ્થાન મેળવ્યું છે. દેશમાં ઇન્ટીગ્રેટેડ લોજિસ્ટિક ઇકોસિસ્ટમને પ્રોત્સાહન આપવાના હેતુથી ભારત સરકાર દ્વારા દેશના વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં લોજિસ્ટીકસ ક્ષેત્રે સંકળાયેલા સ્ટેક હોલ્ડર્સના અભિપ્રાયો, મંતવ્યો મેળવીને તથા ઓનલાઇન સર્વે હાથ ધરીને આ LEADS ઇન્ડેક્સ તૈયાર કરવામાં આવે છે. આ વર્ષે કોરોના વૈશ્વિક મહામારીના વ્યાપક સંક્રમણના સમયગાળા દરમ્યાનના આ ઇન્ડેક્સમાં પણ ગુજરાતે પ્રથમ ક્રમ જાળવી રાખવાની ગૌરવસિદ્ધિ પ્રાપ્ત કરી છે. મુખ્યમંત્રીશ્રીએ આત્મનિર્ભર ભારતની દિશાના આ વધુ એક સફળ કદમ માટે સંબંધિત વિભાગોને અભિનંદન પાઠવ્યા છે. કોરોના મહામારીની સ્થિતીમાં ગ્લોબલ સપ્લાય ચેઇનમાં આવેલા બદલાવથી ગુજરાતમાં પોતાના વ્યવસાય કારોબાર કરવા આવી રહેલા ઉદ્યોગોને રાજ્યના લોજિસ્ટિક ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો લાભ મેળવવામાં લિડસ ઇન્ડેક્સમાં ગુજરાતની આ સતત ત્રીજા વર્ષની અગ્રેસરતા પ્રોત્સાહક અને આકર્ષણ રૂપ બનશે. (Source:https://cmogujarat.gov.in)

## અમૂલના ૭૫મા સ્થાપના વર્ષની ઉજવણીમાં મુખ્યમંત્રીશ્રી જોડાયા



કેન્દ્રિય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઇ શાહે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલની ઉપસ્થિતિમાં દૂધનગરી આણંદમાં એશિયાની સૌથી મોટી અમૂલ ડેરીના ૭૫મા સ્થાપના વર્ષની ઉજવણીમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે શ્રી અમિતભાઇ શાહે સહકારિતાને આર્થિક વ્યવસ્થાનો મજબુત સ્થંભ બનાવવા માટે સૌને સંકલ્પબધ્ધ થવા હાકલ કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે અમૂલ એ માત્ર શ્વેત ક્રાંતિની પ્રક્રિયા અંગેની વાત નથી પરંતુ સશક્તિકરણનું સર્વશ્રેષ્ઠ મોડલ પણ છે. ગુજરાતમાં કુલ દૂધ ઉત્પાદન જે બે દાયકા પહેલા ૧.૬ કરોડ લિટર હતું તે વધીને ૪.૩ કરોડ લિટર પ્રતિ દિવસ થયું છે. (Source:https://cmogujarat.gov.in)

## દુનિયાના ટોપ વૈજ્ઞાનિકોમાં ગુજરાત સેન્ટ્રલ યુનિ.ના ત્રણ પ્રોફેસરો સામેલ

દુનિયાની જાણીતી અમેરિકન યુનિવર્સિટી સ્ટેનફોર્ડ યુનિ. દ્વારા સંશોધકો-અધ્યાપકોના રીસર્ચ પેપર-સંશોધનના આધારે વર્લ્ડના ટોપ બે ટકા વૈજ્ઞાનિકોની ત્રીજી યાદી જાહેર કરવામાં આવી છે જેમાં સેન્ટ્રલ યુનિ. ઓફ ગુજરાતના ત્રણ પ્રોફેસરોનો સમાવેશ થયો છે. અગાઉની યાદીમાં ગુજરાતની બે સરકારી સ્ટેટ યુનિ.ઓના પ્રોફેસરોનો પણ સમાવેશ થયો હતો. સમગ્ર દુનિયામાંથી ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓના પ્રોફેસરો-વૈજ્ઞાનિકોના રીસર્ચ પેપરોનો અભ્યાસ કર્યા બાદ સ્ટેનફોર્ડ યુનિવર્સિટી દ્વારા આ રીસર્ચ રીપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે. અગાઉની બીજી યાદીમાં ગુજરાતની ફોરેન્સિક સાયન્સ યુનિ.ના એક તેમજ સાઉથ ગુજરાત યુનિ.ના બે પ્રોફેસર સહિતના ત્રણ પ્રોફેસરો વર્લ્ડના ટોચના બે ટકા સાયન્ટિસ્ટમાં સ્થાન પામ્યા હતા. (Source:www.gujaratsamachar.com)


Contact Address

**Gujarat State Non-Resident Gujaratis' Foundation**
Block No. 16, 3rd Floor,
Udhyog Bhavan, Sector - 11,
Gandhinagar.

Phone : +91-79-23238278

E-mail : nrgfoundation@yahoo.co.in

www.facebook.com/GSNRGF




FOR PRIVATE CIRCULATION ONLY


વહાલા બિન નિવાસી ગુજરાતી મિત્રો,
NRG Times માટે આપનો પ્રતિભાવ તેમજ કોઇ સુચન હોય તો મોકલી આપવા વિનંતી છે. જેથી આપના માટે પ્રકાશિત થતાં આ મેગેઝીનને વધુ ઉપયોગી બનાવી શકાય.

## કેયૂર કામદાર વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયામાં કોર્પોરેટર બન્યા

વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયામાં તાજેતરમાં ચૂંટણી યોજાઈ હતી. જેમાં મૂળ રાજકોટના છેલ્લા ૧૪ વર્ષથી ઓસ્ટ્રેલિયામાં સ્થાયી થયેલા કેયૂર કામદાર કોર્પોરેટર તરીકે વિજેતા બન્યા છે. વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયામાં કોઇ ગુજરાતી યુવાન કોર્પોરેટર બન્યા હોય તેવો આ પ્રથમ બનાવ છે. તેઓ અપક્ષ તરીકે ચૂંટણી



લડ્યા હતા છતાં છેલ્લી ૬ ટર્મથી ચૂંટાઈ આવતા હરીફ ઉમેદવાર સામે ૬૧ ટકા વધુ મત મેળવીને વિજેતા બન્યા છે. કેયૂર કામદારે યુવા, સિનિયર સિટિઝન તેમજ ડેવલપમેન્ટને લગતી જે સમસ્યા હતી તેના નિરાકરણ માટે આ ચૂંટણી લડવાનું પસંદ કર્યું હતું.

(Source : www.divyabhaskar.co.in)

## સેમ જોશી બન્યા ન્યૂજર્સી સ્ટેટના એડિસન શહેરના પ્રથમ ગુજરાતી મેયર

તાજેતરમાં અમેરિકાના ન્યૂજર્સી સ્ટેટના એડિસન શહેરની મહાનગરપાલિકાની ચૂંટણી યોજાઈ હતી. આ ચૂંટણીમાં એડિસન શહેરના મેયરપદે પ્રથમ વાર મૂળ ગુજરાતી એવા સમીપ જોશી એટલે કે સેમ જોશી ચૂંટાઈ આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, એડિસનમાં ૨૫ ટકા ભારતીયો વસે છે. એડિસનના મેયર બનેલા



સમીપ જોશી પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકાના શિવરાજપુરના વતની છે. સેમ જોશીનો પરિવાર મૂળ ડાકોરનો વતની છે. આ પહેલા તેઓ એડિસનમાં કાઉન્સિલર પદે પણ રહી ચૂક્યા છે તેમજ ૧૦ વર્ષ સુધી વિવિધ સમિતિઓમાં પણ કાર્યરત હતા. તેઓ પોલિટિકલ સાયન્સના સ્નાતક છે.

(Source : www.divyabhaskar.co.in)

## રાયપુર ગુજરાતી બ્રહ્મ સમાજ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન




છત્તીસગઢના રાયપુરમાં શ્રીગુજરાતી બ્રહ્મ સમાજનો દીપાવલિ મિલન અને વિદ્યાર્થી પ્રતિભા પુરસ્કાર કાર્યક્રમ સમાજના પ્રમુખ કીર્તિ વ્યાસની ઉપસ્થિતિમાં દયા ભવનના નવનિર્મિત પુરોહિત સભાગૃહમાં યોજાયો હતો. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે જાણીતા શિક્ષણવિદ્ ડૉ. જવાહર સુરિસેતી અને વિશેષ અતિથિ તરીકે અગ્રણી સામાજિક કાર્યકર નવીન પરમાર ઉપસ્થિત રહ્યા હતા. ગયા વર્ષે કોરોનાને કારણે દીપાવલી મિલન અને પ્રતિભા સન્માન કાર્યક્રમ મોકૂફ રાખવામાં આવ્યો હતો, જેના કારણે વિદ્યાર્થીઓને વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧ માટે ત્રણ કેટેગરીમાં પુરસ્કાર આપવામાં આવ્યા હતા.

(Source : www.naidunia.com)

## USમાં ૪૦ વર્ષથી કાર્યરત જૈના સંસ્થાના પ્રમુખ તરીકે હરેશ શાહ ચૂંટાયા



અમેરિકામાં વસતા ભારતીયોમાં અંદાજે દોઢ લાખ જેટલી વસતી જૈનોની છે. આ જૈનો દ્વારા ૧૯૮૧માં અમેરિકાવ્યાપી 'jaina' સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી. આ સંસ્થા દર બે વર્ષે અમેરિકાના જુદા જુદા રાજ્યોમાં દ્વિવાર્ષિક અધિવેશનો યોજે છે. સંસ્થાના વિકાસ સાથે હવે તેમાં યુથ ચેપ્ટર પણ કાર્યાન્વિત બનેલ છે. હાલ અમેરિકામાં 'jaina'ની છત્રછાયામાં ૭૨ જેટલા જૈન સેન્ટર છે. તાજેતરમાં આ સંસ્થાના પ્રમુખ તરીકે માંડવી (કચ્છ) પાસે ભુજપુરમાં જન્મેલા શ્રી હરેશ શાહ બે વર્ષની મુદત માટે ચૂંટાયા છે. ૫૬ વર્ષીય કર્મયોગી શ્રી હરેશ શાહ ૨૦૦૫થી જૈનામાં સક્રિય છે. જૈન ધર્મના આર્ષદ્રષ્ટા પ્રમુખ તરીકે તેઓ જૈનોમાં એકતા અને યુવા પેઢીને જૈન ધર્મમાં અભિરુચિ કરાવવાની ઉત્કંઠા ધરાવે છે.

(Source : www.akilanews.com)

## 'છેલ્લો શો' ફિલ્મને ૬૬મા વેલાડોલિડ ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં 'ગોલ્ડન સ્પાઇક' એવૉર્ડ મળ્યો

સૌરાષ્ટ્રના ખિજડિયા રેલવે સ્ટેશન પર ચા વેચીને મોટા થયેલા ગુજરાતી નલિનકુમાર રમણિકલાલ પંડ્યાને હવે હોલિવૂડ પાન નલિન તરીકે ઓળખે છે. 'એંગ્રી ઇન્ડિયન ગોડેસિસ', 'બિયોન્ડ ધ નોન વર્લ્ડ', 'સંસારા' જેવી ફિલ્મો અને સંખ્યાબંધ ડોક્યુમેન્ટરી ફિલ્મ્સથી હોલિવૂડમાં પોતાની એક આગવી ઓળખ




બનાવી ચૂકેલા પાન નલિનની નવી ફિલ્મ 'છેલ્લો શો'એ સ્પેનમાં યોજાયેલ ૬૬મી વેલાડોલિડ ઇન્ટરનેશનલ ખાતે શ્રેષ્ઠ ચિત્ર માટે ગોલ્ડન સ્પાઇક એવોર્ડ જીત્યો છે. આ ફિલ્મ એક નવ વર્ષનો બાળક પહેલી વખત ફિલ્મ જોવા સિનેમા હોલમાં જાય પછી તેના જીવનમાં કેવું પરિવર્તન આવે છે તેના પર આધારિત છે.

(Source: https://sandesh.com)

## રમેશ શાહની 'એકલ અભિયાન'ના CEO તરીકે વરણી

'એકલ અભિયાન' સંગઠને રમેશ શાહની 'એકલ અભિયાન'ના નવા CEO તરીકે વરણી કરી છે. 'એકલ અભિયાન' ભારતના ગ્રામીણ અને અંતરિયાળ વિસ્તારોમાં કાર્ય કરે છે. ઉત્તર અમેરિકા, ફ્રાન્સ, થાઈલેન્ડ સહિત અન્ય સ્થળે તેના ૬૦થી વધુ ચેપ્ટર છે. રમેશભાઈ એકલ યુએસએના ફાઉન્ડર મેમ્બર



રહી ચૂક્યા છે અને ૩૨ વર્ષ પહેલા અમેરિકામાં એક રાષ્ટ્રીય બ્રાન્ડ તરીકે One Teacher School પ્રોજેક્ટ લાવ્યા હતા. રમેશ શાહે ભારતમાં મેકેનિકલ એન્જિનિયરિંગ કરેલું છે અને ૧૯૭૦માં અમેરિકા પહોંચ્યા બાદ MBA-ફાઈનાન્સ અને ઈકોનોમિક્સમાં MAની ડિગ્રી મેળવી હતી.

(Source : https://sandesh.com)

# ગુજરાત બહાર વસતા ગુજરાતીઓએ રચેલી સંસ્થાને સમાજ ભવનના નિર્માણ માટે ગુજરાત સરકાર દ્વારા આર્થિક સહાય

ગુજરાત સરકાર દેશવિદેશમાં રહેતા ગુજરાતીઓની હરહંમેશ પડખે છે. ગુજરાત બહાર અન્ય રાજ્યોમાં વસતા ગુજરાતીઓએ રચેલી સંસ્થાઓને ગુજરાતી સમાજ ભવનના બાંધકામ, તૈયાર મકાનની ખરીદી કે હયાત મકાનના વિસ્તરણ માટે આર્થિક સહાય આપવાની યોજના રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકાયેલી છે.

રાજ્ય સરકાર દ્વારા કરાયેલ ઠરાવની જોગવાઈઓ અનુસાર અન્ય રાજ્યમાં વસતા ગુજરાતીઓએ રચેલી સંસ્થાઓને નિશ્ચિત શરતોને આધીન ગુજરાતી સમાજ ભવનના બાંધકામ, ખરીદી કે વિસ્તરણ હેતુ માટે તથા મરામત, સમારકામ કે નવીનીકરણના ખર્ચ પેટે આર્થિક સહાય મંજૂર કરવા ઠરાવેલ છે. અગાઉ આ ઠરાવની જોગવાઇ અન્વયે સમાજ ભવનના બાંધકામ માટે સંભવિત ખર્ચના ૨૫ ટકા અથવા રૂપિયા ૨૨ લાખ બેમાંથી જે ઓછું હોય, તે મુજબ આર્થિક સહાય મંજૂર કરવામાં આવતી હતી.

તા. ૩૦-૮-૨૦૧૯ના ઠરાવથી આ જોગવાઇઓમાં સુધારો કરવામાં આવ્યો છે, જે મુજબ હવે સમાજ ભવનના બાંધકામ માટે વધુમાં વધુ ૪૦ લાખ રૂપિયા અથવા ખરેખર ખર્ચના ૪૦ ટકા બેમાંથી જે ઓછી હોય તે રકમ સહાય તરીકે મંજૂર કરવાની અને મંજૂર થયેલ સહાય પૈકી બાંધકામ લિન્ટલ લેવલ સુધીનું થાય ત્યારે મંજૂર થયેલ સહાયની ૫૦ ટકા રકમ અને બાકીની ૫૦ ટકા રકમ બાંધકામનું કાર્ય પૂર્ણ થયા અંગેનું પ્રમાણપત્ર રજૂ કર્યા પછી ચૂકવવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

ગુજરાત સરકારે બિન નિવાસી ગુજરાતીઓ પ્રત્યે હંમેશા ઉદાર ભાવના દાખવી મહત્વના નિર્ણયો કર્યાં છે. અન્ય રાજ્યમાં આવેલ ગુજરાતી સમાજ ભવનના બાંધકામ, તૈયાર મકાનની ખરીદી કે હયાત મકાનના વિસ્તરણ માટે સહાયની રકમમાં વધારો કરીને વધુમાં વધુ રૂ. ૪૦ લાખ અથવા ખરેખર થયેલ ખર્ચના ૪૦ ટકા બેમાંથી જે ઓછુ હોય તેટલી રકમ તેમજ હયાત સમાજ ભવનના મરામત માટે સહાયની રકમમાં વધારો કરીને વધુમાં વધુ રૂ. ૧૦ લાખ અથવા ખરેખર થયેલ ખર્ચના ૪૦ ટકા બેમાંથી જે ઓછુ હોય તેટલી રકમ ચૂકવવાનો નિર્ણય કરાયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારે અત્યાર સુધીમાં દેશના ૯ રાજ્યોમાં આવેલા ૨૨ ગુજરાતી સમાજોને સમાજ ભવનના નિર્માણ કે મરામત માટે અંદાજિત રૂ. ૧ કરોડ ૯૦ લાખની સહાય ચૂકવી છે. છેલ્લા ૨ વર્ષમાં છત્તીસગઢના ભિલાઈનગર ખાતેના ગુજરાતી સમાજ, આસામના ગૌહાતી ખાતેના ગુજરાતી સમાજ, આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ ખાતેના ગુજરાતી સમાજ અને ઓરિસ્સાના ભદ્રક ખાતેના ગુજરાતી સમાજ માટે આર્થિક સહાય મંજૂર કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ સહાય કેટલીક શરતોને આધિન આપવામાં આવે છે, જેવીકે:

- આ સમાજ ભવનનો ઉપયોગ મૂળ ગુજરાતની કોઈ પણ વ્યક્તિને નાત, જાત, ધર્મ કે અન્ય ભેદભાવ સિવાય કરવા દેવાનો રહેશે.
- ઉક્ત સમાજ ભવનનો ઉપયોગ સાંસ્કૃતિક, શૈક્ષણિક, સામાજિક, કલા વિષયક અને કલ્યાણકારી પ્રવૃતિઓ માટે જ કરવાનો રહેશે.
- સમાજ ભવનના બાંધકામનું કામ વધુમાં વધુ ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાનું રહેશે.
- સમાજ ભવનના બાંધકામનું કાર્ય પૂર્ણ થયે ખરેખર થયેલ ખર્ચની વિગતો રજૂ કરવાની રહેશે.
- આ સહાય મળી ગયા બાદ પણ સંસ્થાએ તેના વાર્ષિક હેવાલ નિયમિત રીતે ગુજરાત સરકારને મોકલવાના રહેશે.
- આ સંસ્થાનું વિસર્જન થાય ત્યારે તેના મકાનના યોગ્ય નિકાલ વખતે સંસ્થાએ ગુજરાત સરકારનો સંપર્ક સાધવાનો રહેશે અને ગુજરાત સરકારે આપેલ સહાયની રકમ વેચાણ કિંમતમાંથી પરત કરવાની રહેશે.

## બિન-નિવાસી ગુજરાતીઓને પ્રતિષ્ઠાન સાથે જોડાવા આહ્વાન



અત્યાર સુધીમાં અનેક બિન-નિવાસી ગુજરાતીઓ ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન સાથે જોડાઇ ચૂક્યા છે.

**આપ જોડાયા?**

જો આપ ન જોડાયા હોવ તો આજે જ આપનો ડેટાબેઝ (નામ અને સંપર્કની વિગતો) ઈ-મેઇલ (nrgfoundation@yahoo.co.in) દ્વારા , કુરિયર કે પોસ્ટ દ્વારા મોકલી ગુજરાત રાજ્ય બિન-નિવાસી પ્રતિષ્ઠાન સાથે જોડાવા હાર્દિક આહ્વાન છે.

## બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડતા એન.આર.જી. સેન્ટર



બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડવા ગુજરાત રાજ્ય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાને ગુજરાતભરમાં અમદાવાદ, આણંદ, સુરત, વડોદરા, રાજકોટ અને મહેસાણા જેવા મુખ્ય શહેરોમાં એન.આર.જી. સેન્ટર્સ સ્થાપ્યા છે જે બિન નિવાસી ગુજરાતીઓને સુવિધાઓ પુરી પડે છે.

આ સેન્ટર્સ નીચે પ્રમાણેની સુવિધાઓ પુરી પડે છે.

- પ્રવાસન માર્ગદર્શન
- નિવાસ માર્ગદર્શન
- તબીબી સેવાઓમાં માર્ગદર્શન
- વ્યાપાર તકો અંગે માર્ગદર્શન
- શૈક્ષણિક તકો અંગે માર્ગદર્શન
- વિદેશી ચલણ મેળવવા અંગે માર્ગદર્શન
- ખરીદી અંગે માર્ગદર્શન
- બિન નિવાસી ગુજરાતી ડિરેક્ટરીમાં મદદ
- ગુજરાત કાર્ડની અરજીઓ સ્વીકારવી

## ગુજરાત કાર્ડ ઓનલાઈન મેળવો



બિન - નિવાસી ગુજરાતીઓની ગુજરાત મુલાકાત યાદગાર બનાવવા ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન દ્વારા 'ગુજરાત કાર્ડ' એક આગવી ઓળખ આપવામાં આવે છે. વિદેશમાં વસતા તથા ભારતમાં ગુજરાત બહાર વસતા બિન-નિવાસી ગુજરાતીઓને રૂ.૨૨૫ અથવા ૫ (પાંચ) યુ.એસ. ડૉલરની નજીવી કિંમતે ગુજરાત કાર્ડ આપવામાં આવે છે. આ કાર્ડ હવે પ્રતિષ્ઠાનની વેબસાઇટ www.nri.gujarat.gov.in પરથી ઓનલાઇન ફોર્મ ભરી સાથે જરૂરી દસ્તાવેજો જોડી તેમજ પેમેન્ટ ગેટ વે દ્વારા ઓનલાઇન ફી ભરી મેળવી શકાય છે.




# ગુજરાતી ભાષાના શબ્દકોશનો ઇતિહાસ

એન્સાઇક્લોપીડિયા એ મૂળભૂત ગ્રીક ભાષામાંથી ઊતરી આવેલો શબ્દ છે. આ શબ્દનો અર્થ 'સંપૂર્ણ જ્ઞાન' અથવા 'સંપૂર્ણ માર્ગદર્શન' થાય. એન્સાઇક્લોપીડિયાનો વિકાસ બે હજાર વરસ દરમિયાન થયો હોવાનું જણાય છે. એમાં સંગ્રહિત માહિતી નિષ્ણાતો પાસેથી અથવા કોઈ લાઇબ્રેરીમાંથી કે પછી છપાયેલ સંદર્ભમાંથી લઇ શકાય.

## ગુજરાતી ભાષાનો પહેલો શબ્દકોશ

ગુજરાતી ભાષામાં શબ્દકોશના શ્રીગણેશ ઈ.સ. ૧૮૦૮માં એક વિદેશી વ્યક્તિના હસ્તે મંડાયા. આ વિદેશી હતા બ્રિટનના ડૉ. રોબર્ટ ડ્રમન્ડ. તેમનો જન્મ ચોક્કસ ક્યારે થયો તે જાણવા મળતું નથી પણ ૧૭૯૨માં કોર્પોરેશન ઓફ સર્જનનું સર્ટિફિકેટ મેળવ્યા પછી ૧૭૯૩-૯૪માં તેઓ મુંબઈ આવ્યા. ૧૭૯૭ના જાન્યુઆરીની ૧૩મી તારીખે તેમની નિમણૂંક આસિસ્ટન્ટ સર્જન તરીકે થઈ. તેમણે વડોદરા અને અમદાવાદમાં પણ ડૉક્ટર તરીકે કામ કરેલું. ૧૮૦૦ની સાલમાં ઇંગ્લેન્ડની કિંગ્સ કૉલેજમાંથી એમ.ડી.ની ડિગ્રી મેળવ્યા પછી ૧૮૦૩ના ફેબ્રુઆરીની પહેલી તારીખથી તેઓ મુંબઈના સર્જન જનરલ બન્યા. લેડી ડેન ડંડાસ જહાજમાં બેસી તેઓ ૧૮૦૯માં સ્વદેશ જવા રવાના થયા પણ ૧૪મી માર્ચે તે જહાજ મધદરિયે ડૂબી જતાં ડ્રમન્ડનું અવસાન થયું. ડૉ. રોબર્ટ ડ્રમન્ડ દ્વારા તૈયાર કરવામાં આવેલા પુસ્તકનું નામ 'ઇલેસ્ટ્રેશન્સ ઓફ ધ ગ્રામેટિકલ પાર્ટ્સ ઓફ ગુજરાતી એન્ડ મરહટ્ટ એન્ડ ઇંગ્લિશ લેન્ગવેજીસ' હતું. આ પુસ્તક અંદાજે ૧૨૫ પાનાનું, ૧૨ ઈંચ લાંબુ, ૮ પહોળું હતું. આ પુસ્તક મુખ્યત્વે શબ્દકોશ, કહેવતકોશ, જ્ઞાન કોશ છે. જેમાં ગુજરાતી, મરાઠી અને અંગ્રેજી ભાષામાં લખાણો છે. પુસ્તકના નામમાં ઉલ્લેખ છે એ પ્રમાણે તેમાં ગુજરાતી વ્યાકરણની સમજૂતી આપવામાં આવી છે. સામાન્ય વાતચીતના વ્યવહારમાં ઉપયોગમાં લેવાતા કેટલાક શબ્દો ગુજરાતી-મરાઠી ભાષામાં આપવામાં આવ્યા છે. આ ઉપરાંત કેટલાક પાના કહેવતોને ફાળવાયા છે. છેલ્લે શબ્દસંગ્રહ એટલે કે ગ્લોસરી પણ આપવામાં આવી છે. જોકે, આ પુસ્તકની હવે માત્ર ૫-૭ નકલ ઉપલબ્ધ છે.



RARE BOOK
ILLUSTRATIONS
OF THE
GRAMMATICAL PARTS
OF THE
GUZERATTEE, MAHRATTA & ENGLISH
LANGUAGES.
BY
Dr. ROBERT DRUMMOND.
BOMBAY:
PRINTED AT THE COURIER PRESS.

કોઈ પણ ભાષાના શબ્દકોશથી આપણે જે સમજીએ છીએ - ભાષાના શબ્દો, તેના અર્થ, આવશ્યક હોય ત્યાં સમજ, વ્યાકરણીય માહિતી વગેરે - તેને તો હજી ખાસ્સી વાર હતી. ડ્રમન્ડનો તો ટચૂકડો કોશ હતો, જેમાં તેણે ૪૬૩ અંગ્રેજી શબ્દોના અર્થ કે સમજ આપી હતી. તે ગુજરાતી ભાષકો કે ગુજરાતી ભાષા માટે પણ ન હતો. ભારતમાં વેપાર અર્થે આવેલા અંગ્રેજોને ગુજરાતમાં વ્યાપારી પ્રવૃત્તિ કરવામાં સહાય થાય તે હેતુથી આ કોશ રચાયેલો અને મુખ્યત્વે ગુજરાતીઓની વેપારની રીતરસમ, તેનો વેપારઉદ્યોગ અને અગત્યનાં વેપારી મથકોને ખ્યાલમાં રાખી તે બનાવવામાં આવ્યો હતો. ખાસ નોંધપાત્ર હકીકત આ કોશ અંગે એ છે કે તેમાં ગુજરાતી, અંગ્રેજી અને મરાઠી વ્યાકરણ પણ આપવામાં આવ્યું છે.

ત્યાર પછી ૧૮૩૫, ૧૮૪૧, અને ૧૮૪૬માં પણ શબ્દકોશ રચાયા, પરંતુ ૧૮૪૬ના છેલ્લા શબ્દકોશમાં પણ માત્ર ૧૫૦૦૦ શબ્દો જ હતા. તદ્ઉપરાંત એ હકીકતની પણ નોંધ લેવી જ રહી કે આ સઘળા એકભાષી એટલે કે ગુજરાતી ટુ ગુજરાતી શબ્દકોશ ન હતા, બધા જ દ્વિભાષી શબ્દકોશ હતા અને બધા જ અંગ્રેજી-ટુ-ગુજરાતી એટલે કે તેમાં અંગ્રેજી શબ્દોના ગુજરાતી પર્યાયો અપાયા હતા. આમ જેને સાચા અર્થમાં ગુજરાતી ભાષાનો પ્રથમ કોશ કહી શકાય, જેમાં ગુજરાતી ભાષાના શબ્દો સામે તેના પર્યાય કે તેના અર્થ કે સમજ ગુજરાતી ભાષામાં આપવામાં આવ્યાં હોય તેને ઝાઝી ન કહીએ તો પણ અડધી સદીની વાર હતી.

## નર્મકોશ

સાચે જ જેને ગુજરાતી ભાષાનો પ્રથમ શબ્દકોશ કહી શકાય તેના સર્જન માટે સર્વ પ્રથમ, નોંધપાત્ર અને મહા ઉપક્રમ હાથ ધર્યો કવિ નર્મદ એટલે કે વીર નર્મદે. ઈ.સ. ૧૮૬૧માં તેઓ એકલે હાથે બાર વર્ષ સુધી મથતા રહ્યા. તેનો પ્રથમ ભાગ ઈ.સ. ૧૮૬૧માં અને વધુ ત્રણ ભાગ પછીનાં ત્રણ વર્ષમાં તેમણે પ્રસિદ્ધ કર્યા. ઉચિત રીતે જ તેને 'નર્મકોશ' નામ આપવામાં આવ્યું છે. પરંતુ નાણાંકીય મુસીબતના કારણે કામમાં રુકાવટ આવી. છેવટે ૧૮૭૩માં તે સંપૂર્ણપણે પ્રસિદ્ધ થઈ શક્યો. ગુજરાતી ભાષાના શબ્દકોશ માટે આ પ્રથમ વ્યવસ્થિત, ઉપલબ્ધ માહિતી અને જ્ઞાનના સંદર્ભે શક્ય તેટલી વૈજ્ઞાનિક ચોકસાઈભરી પદ્ધતિ તેમણે અપનાવી હતી. તેમાં ૨૫૦૦૦ શબ્દોના અર્થ કે સમજ આપવામાં આવી છે.



## શ્રી સયાજી-શાસન-શબ્દ-કલ્પતરુ


વડોદરા રાજ્યના મહારાજા સયાજીરાવ ગાયકવાડે રાજ્યનો વહીવટ ગુજરાતીમાં જ કરવાનો નિર્ણય કર્યો અને તેનો ચુસ્ત અમલ પણ કરાવ્યો. વડોદરા રાજ્યની રાજભાષા ઈ.સ. ૧૮૯૦થી ગુજરાતી હતી, તે એટલે સુધી કે કોર્ટોમાં સાક્ષીઓની તપાસ, હુકમો અને ચૂકાદા પણ ગુજરાતીમાં જ અપાતા. વડોદરામાં આવેલી રાજ્યની હાઇકોર્ટ પણ તેમાં અપવાદરૂપ ન હતી. રાજ્યના બધા કાયદા પણ ગુજરાતીમાં ઘડાતા હતા. રાજભાષા તરીકે ગુજરાતીનો ઉપયોગ કરવામાં સરળતા રહે તે માટે વહીવટી શબ્દકોશ રચવા સમિતિ નીમવામાં આવેલી અને રાજ્ય વહીવટી પરિભાષાનો બૃહદકોશ તૈયાર કરવામાં આવ્યો હતો. તેને 'શ્રી સયાજી-શાસન-શબ્દ-કલ્પતરુ' નામ આપવામાં આવ્યું હતું. (અહીં સહેજે મરાઠા સામ્રાજ્યના સ્થાપક છત્રપતિ શિવાજી મહારાજની યાદ આવે છે જેમણે રાજભાષા તરીકે ફારસી દૂર કરી મરાઠી ભાષાને તેનું સ્થાન આપ્યું. સાથોસાથ પ્રધાન રઘુનાથ પંત, જેઓ તે માટે સક્ષમ હતા, તેમને રાજ્યવ્યવહાર માટે કોશ બનાવવાની કામગીરી સોંપવામાં આવી. આ કોશનું નામ પણ 'રાજ્યવ્યવહાર કોશ' રાખવામાં આવ્યું હતું.)


प्रस्तावना.

(अ) प्रारंभिक.

## સાર્થ જોડણીકોશ

રાષ્ટ્રપિતા ગાંધીજી ગુજરાતમાં જન્મ્યા હતા અને ગુજરાતી તેમની માતૃભાષા હતી એ સુખદ સંયોગને પ્રતાપે ગુજરાતી ભાષાને એક અનોખો કોશ મળ્યો. ગુજરાતી ભાષાની જોડણી માટે કોઈ વ્યવસ્થિત પદ્ધતિ ન હતી, પરિણામે લેખનમાં જોડણીની એકવાક્યતા પણ ન હતી. સામાન્ય માણસને તેનાથી કોઈ મુશ્કેલી ન હતી, તેથી તેને તેની કંઈ તમા પણ ન હતી. તેને તો ભાગ્યે જ કલમ પકડવાની હોય, જ્યારે બીજા ગામમાં કોઈ સંદેશો કે ખબર મોકલવાનો પ્રસંગ ઊભો થાય. તે તેને ઠીક લાગે તે જોડણી કરતો, તેને તો પોતાનો લખેલ સંદેશ સામાને સમજાય તેનાથી જ સંતોષ હતો. જોડણી આમ કરી હોય કે તેમ તેથી તેમાં કોઈ બાધા આવતી ન હતી. જોડણી અંગે તે સમયે જે અરાજકતા હતી, મંડળીનો પ્રશ્ન હતો તો તે સમયના સાક્ષરો માટે. પરંતુ આ વિદ્વાનોના મોટાભાગને જોડણી માટે આગવા ખ્યાલો હતા. અને એકબીજાથી ખાસા જુદા પડતા હતા. ૧૯૦૫માં સ્થપાયેલ ગુજરાતી સાહિત્ય પરિષદ સમક્ષ આ યક્ષપ્રશ્ન હતો. પરિષદના પ્રથમ પ્રમુખ આદરણીય ગોવર્ધનરામ ત્રિપાઠી અને તેમના અનુગામી પ્રમુખો તેમના પ્રમુખીય વક્તવ્યમાં આ પ્રશ્નનો અછડતો ઉલ્લેખ કરીને જ અટકી ગયા હતા, કારણ કે મતભેદ ખાસા વિશાળ હતા અને કોઈ વિદ્વાન પોતાનો મત છોડવા તૈયાર ન હતા. આ વિસંવાદ ૧૯૨૯ સુધી ચાલ્યો.




ગુજરાતી ભાષાની બહુમાન્ય જોડણીનો અભાવ ગાંધીજીને હંમેશા ખટકતો. તેમણે સંકલ્પ કર્યો કે માતૃભાષાની આ દુર્દશા દૂર કરવી જ જોઈએ. પણ ઉપાય? વિદ્વાનોમાં પ્રવર્તમાન પરિસ્થિતિથી તેઓ વાકેફ હતા જ. તેમના દ્વારા તો આ પ્રશ્ન ઉકેલી શકાય એમ જ ન હતો. એટલે તેમણે તેમની સાથેના જ ત્રણ વિદ્વાનો કાકાસાહેબ કાલેલકર, મહાદેવભાઈ દેસાઈ અને નરહરિભાઈ પરીખને આ કામ સોંપ્યું. તેમણે જેમનો સાથ મળ્યો તે વિદ્વાનોના સહકારથી જોડણીના નિયમો બનાવ્યા, એ વિષયમાં અધિકાર અથવા રસ ધરાવતા લોકો પર તે મોકલી તેમના અભિપ્રાય માગ્યા. ઘણા લોકોની સામાન્ય સંમતિ મળતાં તેમને આખરી રૂપ આપ્યું. પરિણામે ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા ૧૯૨૯માં 'જોડણીકોશ' મળ્યો એપ્રિલના પહેલા અઠવાડિયામાં. આ કોશને ગાંધીજીના આશીર્વાદ મળ્યા. ૭-૪-૧૯૨૯ના નવજીવનના અંકમાં એક ટૂંકી નોંધ રૂપે તેને આશિષ વચન કહ્યાં. આ કોશની વિશિષ્ટતા અને અનન્યતા એ છે કે તે શબ્દકોશ નથી, 'જોડણીકોશ' છે. તેની પ્રથમ આવૃત્તિમાં કક્કાવાર શબ્દોની જોડણી માત્ર આપવામાં આવી છે, તેની સામે તેના અર્થ આપવામાં આવ્યા નથી. તેથી યોગ્ય રીતે જ તેની પ્રથમ આવૃત્તિને 'જોડણીકોશ' નામ આપવામાં આવ્યું છે. પ્રારંભથી જ શબ્દોના અર્થ નહિ પણ માત્ર જોડણી આપવાનો જ લક્ષ્યાંક રાખવામાં આવ્યો હતો અને તે જ સિદ્ધ કરવામાં આવ્યો.


એક વર્ષમાં તો તેની બધી નકલો ખપી ગઈ. અને બીજી આવૃત્તિ પ્રસિદ્ધ કરવાની જરૂર ઊભી થઈ. ત્યારે કોશકારોને લાગ્યું કે 'લોકોને કેવળ શુદ્ધ જોડણી પૂરી પાડીને કોશ કૃતાર્થ ન જ થઈ શકે. એટલે જોડણી સાથે શબ્દોના કાંઈ નહિ તો મુખ્ય અર્થો ટૂંકમાં આપવા એ આવશ્યક હતું.' આમ બીજી આવૃત્તિમાં શબ્દોના અર્થ પણ આપવામાં આવ્યા અને કોશનું નામ પણ 'જોડણીકોશ'ને બદલે 'સાર્થ જોડણીકોશ' રાખવામાં આવ્યું. એક દૃષ્ટિએ આ સાચા અર્થમાં 'અનન્ય' કોશ છે. માત્ર જોડણી માટે (પ્રથમ આવૃત્તિ) અથવા તો જેમાં 'જોડણી'ની સચ્ચાઈ કેન્દ્રસ્થાને હોય અને શબ્દના અર્થનું સ્થાન તેના પછી હોય (ત્યાર પછીની આવૃત્તિઓ) તેવો કોઈ કોશ વિશ્વની કોઈ ભાષામાં આજદિન સુધી રચાયો હોય તેવું જાણમાં નથી. આમ આ કોશ સાચે જ વિશ્વભરમાં 'અનોખો' કોશ છે.

ગુજરાતી ભાષામાં વ્યાપક અને સામાન્ય ઉપયોગમાં લેવાતો કોશ સાર્થ જોડણીકોશ જ છે. એક તો તે માન્ય જોડણીકોશ છે અને ભલે શબ્દના અર્થ કે સમજ જે અર્થ કે અર્થછાયામાં તે વપરાયો હોય તે દરેક તેમાં ન આપવામાં આવ્યો હોય તો પણ સામાન્ય ભાષકની જરૂરિયાત તેનાથી સંતોષાય છે. તેમ છતાંય તે સંપૂર્ણ કે સર્વગ્રાહી શબ્દકોશ નથી; તેના માટે તેની રચના કરનાર સંસ્થાનો તેવો દાવો પણ નથી. તેની પ્રથમ આવૃત્તિમાં ૪૩૭૪૩ શબ્દો હતા. (પૃષ્ઠ ૩૭૩; તેની પડતર કિંમત પોણાચાર રૂપિયા હતી, વેચવાની કિંમત ત્રણ રૂપિયા) બીજીમાં ૪૬૬૬૧, (ઈ.સ. ૧૯૩૧), ત્રીજીમાં ૫૬૩૮૦ (૧૯૩૭) ચોથીમાં થોડા વધારે (ઈ.સ. ૧૯૪૯) પણ ખાસ ઉમેરો ન હતો, પાંચમીમાં ૬૮૪૬૭. પાંચમી આવૃત્તિ ૧૯૬૭માં પ્રસિદ્ધ થઈ ત્યારબાદ આજ સુધી પાંચમી આવૃત્તિનાં પુનર્મુદ્રણ જ થયા કર્યાં છે. તેના શબ્દભંડોળમાં કોઈ વધારો થયો નથી. વર્ષ ૨૦૦૫માં તેની પૂરવણી પ્રસિદ્ધ થઈ, તેનો ઉદ્દેશ અન્ય ભાષાના, વિશેષ કરીને અંગ્રેજી ભાષાના જે શબ્દો વ્યાપક રીતે વપરાતા હોય અને લગભગ રૂઢ જેવા થઈ ગયા હોય તે શબ્દો આપવા પૂરતો મર્યાદિત હતો. આ પૂરવણીમાં ૫૦૦૦ શબ્દો છે. આમ સાર્થ જોડણીકોશમાં ૬૮૪૭૩+૫૦૦૦ = ૭૩૪૭૩ જેટલા શબ્દો છે.

## ભગવદ્ગોમંડલ

ઇ.સ. ૧૮૬૫ની ૨૪મી ઓક્ટોબર જન્મેલા ગોંડલ નરેશ ભગવતસિંહજી એક આદર્શ રાજવી હતા. આ દીર્ઘદ્રષ્ટા રાજવીનું સામાજિક તેમજ સાહિત્યિક ક્ષેત્રે પણ અમૂલ્ય પ્રદાન છે. ગુજરાતી ભાષાને વિશ્વકક્ષાએ પહોંચાડવામાં છવ્વીસ-છવ્વીસ વરસની અખંડ સાધના થકી ગુજરાતી ભાષાની શબ્દ સમૃદ્ધિને ખૂણેખાંચરેથી શોધી કાઢીને મહારાજા ભગવતસિંહજીએ મહાન જ્ઞાનકોશ ‘ભગવદ્ગોમંડલ’ની રચના કરી. ભગવદ્ગોમંડલ બે શબ્દના સંયોજનથી બનેલ શબ્દપ્રયોગ છે જેમાં ‘ભગવત્’ એટલે ભગવતસિંહજી, બૃહત્, સમૃદ્ધિવાન, જ્ઞાનભરપૂર, પ્રભુપ્રેરિત કે ગૌરવવંતુ, એ શબ્દ સાથે ‘ગોમંડલ’ એટલે શબ્દસંગ્રહ, શબ્દકોશ, જ્ઞાનકોશ, સરસ્વતીભંડાર કે ગોંડલ અર્થ સાથેનો શબ્દ જોડાઇ ભગવદ્ગોમંડલ જેનો સરળ અર્થ આપણે ગુજરાતી ભાષાનો સાંસ્કૃતિક ખજાનો ધરાવતી શબ્દ સમૃદ્ધિ કરી શકીએ. ગુજરાતી ભાષામાં સર્વાંગ સંપૂર્ણ શબ્દકોશની ખોટ ઘણા સમયથી વરતાતી હતી. ભગવતસિંહજીએ ઈ.સ. ૧૯૧૫ની આસપાસથી કોઈપણ કોશમાં જોવા ન મળતા નવીન શબ્દોનો સંગ્રહ કરવા માંડ્યો. આ નવીન શબ્દો શોધવા માટે એમની નિષ્ઠા અને પ્રતિબદ્ધતા અજોડ હતી. ભગવતસિંહજી દ્વારા પ્રમાણભૂત ગ્રંથો, મહત્વનાં પુસ્તકો, નવલકથાઓ, કાવ્યસંગ્રહો, વર્તમાનપત્રો, માસિકો, નિવેદનો, જાહેરખબરો, નાટક સિનેમાનાં ચોપાનિયાં, ચીજવસ્તુઓની મૂલ્યપત્રિકા ઉપરાંત કોઈપણ રદ્દી જેવા ફરફરિયામાંથી પણ નવા નવા શબ્દો શોધી જે શબ્દોમાં સચ્ચાઈનો રણકો ઉઠે તે શબ્દોને ભગવદ્ગોમંડલમાં સમાવવામાં આવતા. ગુજરાતી લોકોની બોલાતી ભાષાનું ભગવદ્ગોમંડલમાં સાચું પ્રતિબિંબ ઝિલાયું છે. આ કોશની રચના વખતે જોડણીના નિયમોને પણ ધ્યાનમાં લેવામાં આવ્યા છે.

ઇ.સ. ૧૯૨૮ના ઓક્ટોબરની પહેલી તારીખથી તેમણે ભગવદ્ગોમંડલ કોશની રચના માટેની વિધિસરની કચેરી શરૂ કરી. પોતે જાત મહેનતથી એકઠાં કરેલ આશરે ૨૦ હજાર શબ્દોથી આ કોશની શરૂઆત કરી. ૨૫ ઓક્ટોબર ૧૯૪૪ના રોજ ભગવદ્ગોમંડલનો ૯૦૨ પાનાંનો પ્રથમ ભાગ પ્રસિદ્ધ થયો. ૯મી માર્ચ ૧૯૫૫ના રોજ એનો નવમો અને અંતિમ ભાગ પ્રસિદ્ધ થયો. ભગવદ્ગોમંડલ માત્ર શબ્દકોશ નહીં પણ જ્ઞાનકોશ ગણાય છે. એના ૯૨૭૦ જેટલા પૃષ્ઠોમાં આશરે ૨,૮૧,૩૭૭ શબ્દો, તેના ૮,૨૧,૮૩૨ અર્થો અને ૨૮,૧૫૬ જેટલાં રૂઢિપ્રયોગ સમાવવામાં આવ્યા છે. શબ્દભંડોળ અને અર્થભંડોળની દૃષ્ટિએ આની કોઈ તુલના કરી શકાય નહીં. ગુજરાતી ભાષામાં આટલા બધા શબ્દો છે એની જાણ ભગવદ્ગોમંડલ થકી જ વિશ્વને થઈ. આ ગ્રંથમાં ધર્મ, સાહિત્ય, કળા, વાણિજ્ય, વિજ્ઞાન, સામાજિક, સાંસ્કૃતિક અને જીવન વ્યવહારનાં બધાં જ પાસાંઓને સમાવી લેવામાં આવ્યા છે.




એ જમાનામાં ૨૬ વરસના અથાક પરિશ્રમ બાદ પ્રકાશિત થયેલ આ ગ્રંથ પાછળ લગભગ સાડા પાંચ લાખ રૂપિયાનો ખર્ચ થયો હતો. એના નવ ભાગની કિંમત એ સમયે ૫૪૫ રૂપિયા હતી પણ રાજ્યાશ્રયને કારણે તે ૧૪૬ રૂપિયામાં પ્રાપ્ય હતા.

## ગુજરાતી વિશ્વકોશ




આ ગ્રંથ બાદ જેણે ગુજરાતી ભાષા તેમજ ગુજરાતીઓની જીવનપદ્ધતિ સમેત વિજ્ઞાનથી માંડી ઇતિહાસ સુધીના મહત્વના પાસાં આવરી લઇ ઉત્તમ કામગીરી થકી પોતાની આગવી ઓળખ ઉભી કરી તે પ્રયાસને આપણે ગુજરાતી વિશ્વકોશના નામથી ઓળખીએ છીએ.


ગુજરાતી વિશ્વકોશ એ બ્રિટીશ એન્સાઇક્લોપીડિયા જેવો ગુજરાતી ભાષાનો પ્રથમ અને એકમાત્ર જ્ઞાનકોશ છે. આ જ્ઞાનકોશમાં વિશ્વભરનું વિવિધ વિષયોને લગતું જ્ઞાન ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે. તેનું પ્રકાશન ગુજરાતી વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.

બ્રિટીશ એન્સાઇક્લોપીડિયા જેવો ગુજરાતી ભાષામાં પણ જ્ઞાનકોશ હોવો જોઇએ તેવો સૌપ્રથમ વિચાર સંત પૂજ્ય શ્રી મોટાને આવ્યો. ગુજરાતીમાં વિશ્વકોશ તૈયાર કરવા માટે તેમણે ગુજરાત યુનિવર્સિટીને રૂ. ૧૦ લાખનું દાન આપ્યું. યુનિવર્સિટીએ આ માટે જુદો વિભાગ રચીને ડૉ. ધીરુભાઇ ઠાકરને તેનું કામ સોંપ્યું. પણ વધારાની સરકારી સહાય ઉપલબ્ધ ન થતા કામ આગળ ન વધ્યું. થોડા વર્ષો બાદ સાંકળચંદભાઇ પટેલે ભાષા પ્રેમથી પ્રેરાઇને આ માટે જરૂરી રકમ આપવાની બાંહેધરી આપી અને પુનઃ કામ શરું થયું. ત્યાર બાદ ગુજરાતી વિશ્વકોશ ટ્રસ્ટની સ્થાપના થઈ. શ્રેણીકભાઇ કસ્તુરભાઇ તેના પ્રથમ મુખ્ય અધ્યક્ષ બન્યા. અમદાવાદ એજ્યુકેશન સોસાયટીએ કામ કરવા માટે મકાનની સગવડ કરી આપી. તેમાં જરૂરી વ્યવસ્થા થતાં ૨ ડિસેમ્બર ૧૯૮૫ના રોજ વિદ્વાનો અને થોડા કર્મચારીઓના સ્ટાફ સાથે વિશ્વકોશ-નિર્માણની શુભ શરૂઆત થઈ. વિશ્વકોશમાં સમાવેશ પામે તેવાં ૧૬૬થી અધિક વિષયોનાં ૨૩,૦૦૦થી વધુ અધિકરણોની વિષયવાર યાદી સહિત, સમગ્ર યોજનાનો વિગતે પરિચય આપતો ભૂમિકાખંડ તૈયાર થયો. ગુજરાતી વિશ્વકોશ ગુજરાતી ભાષાનો એકમાત્ર સચિત્ર સર્વસંગ્રાહક એન્સાઇક્લોપીડિયા છે. ૧૭૦ વિષયોને આવરી લેતાં ત્રેવીસ હજારથી વધુ અધિકરણો ધરાવતો આ વિશ્વકોશ એક હજાર પૃષ્ઠનો એક એવાં પચીસ ગ્રંથોની શ્રેણી છે. ગુજરાતી ભાષા, સાહિત્ય, સંસ્કૃતિ અને ગુજરાતી પ્રજાની સર્વક્ષેત્રીય પ્રવૃત્તિનો સઘન અધિકૃત પરિચય આપતો આ ગ્રંથ ભારત અને જગતના તમામ દેશોને લગતી વિસ્તૃત પ્રમાણભૂત માહિતી ધરાવે છે. ૧૧૨૯૮ જેટલાં ચિત્રો અને આકૃતિઓ ધરાવતા આ કોશમાં ૧૫૯૩ જેટલા લેખકો દ્વારા તૈયાર થયેલાં લખાણો છે. આ ગ્રંથ ૧,૭૩,૫૦,૦૦૦ શબ્દસંખ્યા ધરાવે છે.

(Sources & Photo Courtesy : https://m.dailyhunt.in, https://gu.wikipedia.org, www.gujaratilexicon.com, https://lh3.googleusercontent.com, https://upload.wikimedia.org, https://epustakalay.com, https://images-na.ssl-images-amazon.com, https://storage.jainebooks.org, https://cdn.exoticindia.com,https://image.slidesharecdn.com)

# ભૂજિયો કોઠો





જામ રાવળે જૂના નાગનેશની બાજુમાં રંગમતી અને નાગમતી નદીના સંગમ સ્થાને ઇ.સ. ૧૫૪૩માં નવું નગર વસાવ્યું જે પાછળથી નવાનગર તરીકે જાણીતું થયું. નવાનગર હાલ જામનગર તરીકે ઓળખાય છે. જામ રાવળે ૧૫૬૨ સુધી શાસનની ધુરા સંભાળી. ત્યાર બાદ એમના વંશજો એક પછી એક રાજ્ય સંભાળતા રહ્યા. ઇ.સ. ૧૮૨૦ થી ૧૮૫૨ દરમિયાન જામ રણમલજી બીજાએ જામનગરનું શાસન સંભાળ્યું. જામ રણમલ બીજાના સમયમાં ઉપરાછાપરી ઇ.સ. ૧૮૩૪, ૧૮૩૯ અને ૧૮૪૬માં જામનગરમાં દુષ્કાળ પડ્યા. દુષ્કાળમાં પ્રજાને રોજી-રોટી આપવાના હેતુથી રણમલજીએ કેટલાંક બાંધકામ કરાવેલાં જેમાં મુખ્ય હતા લાખોટા તળાવ, લાખોટા કોઠો અને ભૂજિયો કોઠો, રણમલ તળાવ અને ચંદ્રમહેલ. આમાંનો એક એવા ભૂજિયા કોઠાનું કામ સંવત ૧૮૮૨માં શરૂ થયેલું અને ૧૩ વર્ષ તેને બાંધતાં લાગેલા. લાખોટા તળાવના દક્ષિણ કિનારે આવેલો આ વિરાટ અને ભવ્ય કોઠો અતીતની અનેક યાદને સંઘરીને ઊભો છે. ફતેહપુર સિક્રીના બુલંદ દરવાજાની જેમ કિલ્લા અને કોઠાના બાંધકામની બાબતમાં આખા દેશમાં ભૂજિયો કોઠો એના ઘેરાવા અને ઊંચાઈને કારણે અજોડ છે. કોઠાના બાંધકામમાં કુલ ૪ લાખ, ૨૫ હજાર કોરીનું ખર્ચ થયું હતું. કોઠા ઉપર ચઢીને જામનગર શહેરનું મનોહર દૃશ્ય જોઈ શકાય છે. ઘણા લોકો એવું માને છે કે, છેક ઉપર ચઢીને જોઈએ તો કચ્છનું ભૂજ શહેર દેખાતું હતું, તેથી તેને ભૂજિયો કોઠો કહેવાય છે. એવું પણ કહેવાતું હતું કે કોઠામાંથી એક ભોંયરું ભૂજ જાય છે. સીલીન્ડર પ્રકારનું બાંધકામ ધરાવતો આ કોઠો પથ્થરોના અને લાકડાના ઉપયોગથી બનેલો અજોડ નમુનો છે.

લગભગ ૨૦૦ વર્ષ જુનો આ કોઠો આમ તો જુના વખતના પાંચ માળનું એટલે કે ૧૦૦ ફૂટ ઊંચું બાંધકામ છે જેમાં છઠ્ઠો નાનો માળ વોચ ટાવર છે જ્યાંથી બધી તરફ વોચ રાખવામાં આવતી હતી. આ વિશાળ ઘેરાવાવાળા કોઠામાં શસ્ત્રો રાખવાનું સૌથી મોટુ રાજાશાહી વખતનું શસ્ત્રાગાર છે. જામ રણમલજી બીજાનું આ સંભારણુ જેનો વિક્રમ સંવત ૧૮૮૨ના આસો વદ ૬ના પાયો નંખાયો અને સંવત ૧૮૯૫ના ભાદરવા વદ નોમના રોજ તેનું કામ પૂરું થયું. આ કોઠો પહેલી મે ૧૯૫૬થી પુરાતત્વ વિભાગ હેઠળ રક્ષિત સ્મારક છે અને રક્ષિત સ્મારકોમાં તે રાજ્યનું સૌથી ઊંચું સ્મારક છે.

પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં જોઇએ તો ૧૯૭૫ અને ૧૯૯૮ના વાવાઝોડામાં આ સ્મારકને નુકસાન થયું. ઉપરાંત વર્ષ ૨૦૦૧ની ૨૬મી જાન્યુઆરીએ આવેલા ભુકંપને કારણે આ કોઠો ધણધણ્યો અને જાણે કાંગરા ખર્યા હોય તેમ પથ્થરો તુટ્યા, સાંધા ઘસાયા, લાકડાના કામ, પ્રતિમાઓ, પ્રતિકો વગેરે હચમચી જતાં કોઠાને ખૂબ નુકસાન પહોંચ્યું હતું. ભુકંપમાં ખાસ કરીને આ રાજાશાહી શસ્ત્રસરંજામના ભંડારના ચોથા માળ, પાંચમા માળ અને વોચ ટાવર ગણાતા છઠ્ઠા માળને વધુ નુકસાન થયું. ખંભાળિયા નાકાથી ગઢની રાંગના બાંધકામથી જોડાયેલો આ કોઠો જર્જરિત થયો હતો. જોકે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી યોજના હેઠળ આ કોઠાનું રેસ્ટોરેશન, કંઝર્વેશન અને રિહેબીલિટેશન કામ શરૂ કરવામાં આવ્યું છે.

Sources & Photo Courtesy : www.nawanagartime.com, www.vtvgujarati.com, https://1.bp.blogspot.com, https://pbs.twimg.com)



# દેવઉઠી અગિયારસ
# તુલસી વિવાહ

દેવઉઠી અથવા દેવોત્થાન એકાદશીના દિવસે તુલસી અને ભગવાન શાલીગ્રામના લગ્ન થાય છે. હિન્દુ ધર્મમાં તુલસી વિવાહનું વિશેષ મહત્વ હોય છે. આ દિવસે ભગવાન વિષ્ણુ સહિત તમામ દેવગણ ચાર મહિનાની યોગનિદ્રામાંથી બહાર આવે છે. માન્યતા છે કે, આ દિવસે ભગવાન શાલીગ્રામ અને તુલસીના લગ્ન સંપન્ન કરાવનારના જીવનમાં આવી રહેલી સમસ્યાઓનો અંત થાય છે. કહેવાય છે કે, જે દંપતીને સંતાન રૂપે પુત્રી પ્રાપ્ત નથી થઈ, તે તુલસી વિવાહ કરીને કન્યાદાન જેવુ પુણ્ય લઈ શકે છે.

દેવઉઠી એકાદશીના રોજ તુલસી વિવાહની સાથે જ માંગલિક કાર્યોની શરૂઆત થઈ જાય છે. એવી માન્યતા છે કે ક્ષીરસાગરમાં અંદાજે ચાર મહિનાની નિદ્રા બાદ ભગવાન વિષ્ણુ આજના દિવસે જાગે છે. આ ચાર મહિનામાં હિન્દુ ધર્મમાં કોઈ પણ લગ્ન કે માંગલિક કાર્યો કરવામાં આવતા નથી. આ દિવસે ભગવાન વિષ્ણુ યોગનિદ્રામાંથી જાગે છે અને સૃષ્ટિનો કાર્યભાર સંભાળે છે. આથી દેવઉઠી એકાદશીના દિવસથી જ તમામ માંગલિક કાર્યોની શરૂઆત થાય છે. આ દિવસે તુલસી વિવાહનું આયોજન કરવામાં આવે છે અને ભગવાન વિષ્ણુની પૂજા કરવામાં આવે છે.

પૌરાણિક કથા અનુસાર, પ્રાચીન કાળમાં જાલંધર નામના રાક્ષસે ચારે તરફ ભારે ઉત્પાત મચાવ્યો હતો. તે વીર પરાક્રમી હતો. તેની પત્ની



વૃંદાનો પતિવ્રતા ધર્મ જ તેની વીરતાનું રહસ્ય હતું. તેના ઉપદ્રવોથી પરેશાન દેવગણોએ ભગવાન વિષ્ણુ પાસેથી મદદ માંગી. દેવગણોની પ્રાર્થના સાંભળીને ભગવાન વિષ્ણુએ વૃંદાનો પતિધર્મ ભંગ કરવાનું નક્કી કર્યું. તેમણે જાલંધરનું રૂપ લઈને છળથી વૃંદાને સ્પર્શ કર્યો. વૃંદાનો પતિ જાલંધર દેવતાઓ સાથે યુદ્ધ કરી રહ્યો હતો. વૃંદાનું સતીત્વ નષ્ટ થતા જ તે માર્યો ગયો અને તેનું મસ્તક વૃંદાના આંગણામાં આવીને પડ્યું. આ જોઈ વૃંદા ગુસ્સે થઈ ગઈ અને જાલંધરનું રૂપ ધારણ કરનાર વ્યક્તિની ઓળખ વિષે પૂછ્યું ત્યારે તેની સામે સાક્ષાત ભગવાન વિષ્ણુ ઊભા હતા. ભગવાન વિષ્ણુની યુક્તિ વિષે વૃંદાને ખબર પડી ત્યારે તેણે ભગવાન વિષ્ણુને શાપ આપી પથ્થર સ્વરૂપ બનાવી દીધા.

ભગવાન વિષ્ણુને પથ્થર સ્વરૂપ બનેલા જોઈ દેવી-દેવતાઓમાં હાહાકાર મચી ગયો. માતા લક્ષ્મીએ વૃંદાને પ્રાર્થના કરી ત્યારે વૃંદાએ જગતના કલ્યાણ માટે પોતે આપેલો શાપ પાછો લઇ લીધો અને પછી પોતે જાલંધરની સાથે સતી થઇ ગઈ. એમના શરીરની રાખમાંથી એક નાનો છોડ પ્રગટ થયો જેને ભગવાન વિષ્ણુએ તુલસી નામ આપ્યું અને ભગવાન વિષ્ણુએ કહ્યું કે આજથી હું તુલસી વગર પ્રસાદ ગ્રહણ નહીં કરું અને આ પથ્થરને શાલીગ્રામના નામે તુલસીજીની સાથે જ પૂજવામાં આવશે. તુલસી માતાને મા લક્ષ્મીનું સ્વરૂપ માનવામાં આવે છે. તુલસીજીને વિષ્ણુપ્રિયા પણ કહેવામાં આવે છે. એવું મનાય છે કે, જે ઘરમાં તુલસીની પૂજા થાય છે, તે ઘરમાં ક્યારેય પણ ધન-ધાન્યની ઉણપ આવતી નથી. (Sources: https://zeenews.india.com, www.ajabindia.in)

**દિવાળી અને નવા વરસના અવસરે ચેન્નાઈમાં વસતા ગુજરાતી અને એનઆરજી ટાઈમ્સના વાચક શ્રી સુરેશભાઈ પારેખે શુભકામનાઓ પાઠવતા પોતાની રચના 'નૂતન વર્ષાભિનંદન' લખી મોકલાવી છે જે અહીં રજૂ કરીએ છીએ.**

ઝગમગ ઝગમગ દિવડાની માળા,
દીપક તેજથી અંધારા ખસડાયા,
પાવન પર્વ ખુશીઓના ઉજાળા,
શુભ લાભ અને કંકુના સાથીયા.
સહુના આંગણ તેજસ પ્રકાશે,
નવરંગ રંગોળી આંગણ શોભાવે,
કુમ કુમ પગલે લક્ષ્મીજી પધારે,
વિણા વાદિની મા શારદા બિરાજે.
નૂતનવર્ષના નવ પ્રભાતે...
દેદીપ્યમાન સુરજ પ્રકાશ પ્રસરાવે,
કેસુડાંનો રંગ આકાશ છલકાવે,
નૂતનવર્ષ નવી ઉમંગો જગાડે,
નવલું નજરાણું ધનકુબેર છલકાવે.
સહુનો જીવનબાગ વસંત સરીખો મહેકતો રહે,
એવી અનેક શુભકામનાઓ સાથે
સર્વે બાંધવોને નૂતન વર્ષાભિનંદન
ઝાઝા જુહારની વર્ષા વરસે.

